

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-36 ■ તા. 03-09-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### નાગપુરમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે મોટું નિવેદન

# સદીઓથી આ દેશનું નામ ભારત છે ઈન્ડિયા નહીં : મોહન ભાગવત



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સુપ્રીમો મોહન ભાગવતે આજે યોજાયેલ એક કાર્યક્રમ દરમિયાન લોકોને ઈન્ડિયાને બદલે ભારત નામ બોલવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું, સદીઓથી આ દેશનું નામ ભારત છે, ઈન્ડિયા નહીં. એટલા માટે આપણે તેના જૂના નામનો જ બોલચાલની ભાષામાં ઉપયોગ કરવો જોઈએ.

તેઓ જૈન સમાજના એક કાર્યક્રમને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું, 'સદીઓથી આપણા દેશનું નામ ભારત રહ્યું છે. ભાષા ગમે તે હોય, નામ એક જ રહે છે. ભાગવતે કહ્યું, 'આપણો દેશ ભારત છે અને આપણે તમામ વ્યવહારિક ક્ષેત્રોમાં ઈન્ડિયા શબ્દનો ઉપયોગ બંધ કરવો પડશે અને તેના બદલે ભારત શબ્દનો ઉપયોગ શરૂ કરવો પડશે, તો જ પરિવર્તન લાવી શકાશે. આપણે આપણા દેશને ભારત કહેવું પડશે અને બીજાને પણ આ સમજાવવું પડશે.ગઈકાલે મહારાષ્ટ્રના નાગપુરમાં એક ઉદ્ધાટન પ્રસંગે વાત કરતા મોહન ભાગવતે કહ્યું હતું કે, હિંદુસ્તાન એક હિંદૂ રાષ્ટ્ર છે તે જ એક સત્ય છે. વૈચારિક રુપે બધા ભારતીય હિંદૂ છે તેમજ હિંદૂનો મતલબ બધા ભારતીય છે.

## ગોવા સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજનાના કાર્ડ ધારકોને ૪૨૮ રૂપિયામાં સિલિન્ડર મળશે.

પણજી,તા.૨

કેન્દ્ર સરકારે તાજેતરમાં ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કર્યા બાદ રેશનકાર્ડ ધારકોને સરકાર તરફથી ભેટ મળી છે. કેન્દ્ર સરકારે સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યા બાદ ગોવા સરકારે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલી જાહેરાત બાદ અંત્યોદય અન્ન યોજનાના કાર્ડ ધારકોને ૪૨૮ રૂપિયામાં સિલિન્ડર મળશે. હકીકતમાં, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને કેન્દ્રીય મંત્રી શિરપદ વાય નાઈકે પણજીમાં



એલપીજી સિલિન્ડર રિફિલિંગ માટે 'મુખ્યમંત્રી નાણાકીય સહાય યોજના' શરૂ કરી.

યોજના હેઠળ, રાજ્યના અંત્યોદય અન્ન યોજના કાર્ડ ધારકોને રાજ્ય સરકાર દ્વારા સિલિન્ડર પર ૨૭૫ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. આ અવસર પર ગોવાના સીએમએ કહ્યું, 'પીએમ મોદીએ અગાઉ એલપીજી સિલિન્ડર માટે ૨૦૦ રૂપિયાની સબસિડી આપવાની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૨૦૦ રૂપિયાની કેન્દ્રીય સબસિડી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, ગોવા સરકાર દ્વારા અંત્યોદય રાશન કાર્ડ ધારકો માટે દર મહિને વધારાના ૨૭૫ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્યમાં ૧૧,૦૦૦ થી વધુ લોકો પાસે અંત્યોદય કાર્ડ છે. આવા કાર્ડ ધારકોને ૨૦૦ રૂપિયાની ઉજ્જવલા યોજના સબસિડી અને ગોવા સરકાર દ્વારા આપવામાં આવેલી ૨૭૫ રૂપિયાની સબસિડી મળશે. એકંદરે, રેશનકાર્ડ ધારકોને ૪૭૫ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે અંત્યોદય અન્ન યોજના ગરીબ પરિવારોની જરૂરિયાતો પૂરી કરે છે.

તમને જણાવી દઈએ કે રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાના ઘટાડા બાદ પણ ૧૪.૨ કિલોનો સિલિન્ડર ૯૦૩ રૂપિયા થઈ ગયો છે.

## ઘાસચારા કૌભાંડ કેસમાં સીબીઆઈ કોર્ટે ૩૫ દોષિતોને જેલની અને ભારે દંડની સજા ફટકારી

રાંચી,તા.૨

અહીંની વિશેષ સીબીઆઈ કોર્ટે આ સપ્તાહની શરૂઆતમાં ઘાસચારા કૌભાંડના કેસમાં દોષિત ૩૫ વ્યક્તિને ચાર વર્ષની સખત કેદની સજા અને .૭૫,૦૦૦થી એક કરોડ રૂપિયા સુધીનો દંડ ફટકાર્યો હતો. આ કેસ ૧૯૯૦ અને ૧૯૯૫ વચ્ચે અવિભાજિત બિહારના ડોરાન્ડા ટ્રેઝરીમાંથી છેતરપિંડીથી ૩૬.૫૯ કરોડ રૂપિયાની ઉપાડવા સંબંધિત છે.સીબીઆઈના વિશેષ સરકારી વકીલ રવિશંકરે જણાવ્યું હતું કે સીબીઆઈના વિશેષ ન્યાયાધીશ વિશાલ શ્રીવાસ્તવે ૩૫ દોષિતોને સજાનું પ્રમાણ સંભળાવ્યું હતું, દોષિતો એક સમયે બિહારના પશુપાલન વિભાગના સપ્લાયર અને અધિકારીઓ હતા. તેઓને મંગળવારે કોર્ટે દોષિતઆ કેસમાં વિભાગના ભૂતપૂર્વ અધિકારીઓ ગૌરી શંકર પ્રસાદને .૧ કરોડ, શરદ કુમારને (.૪૦.૪ લાખ) અને બિજયેશ્ર્વરી પ્રસાદ સિન્હા (૩૬.૧ લાખ)નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ કેસના ૧૨૪ આરોપીઓમાંથી, કોર્ટે ૨૮ ઑગસ્ટના રોજ ૩૫ને નિર્દોષ જાહેર કર્યા હતા અને ૫૪ને વિવિધ મુદતની સજા ફટકારી હતી

## અમેરિકામાં કોરોનાએ ફરી માથુ ઉંચક્યુ, હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યામાં જંગી વધારો

વોશિંગ્ટન,તા.૨

અમેરિકામાં કોરોના ફરી એક વખત માથુ ઉંચકી રહ્યો છે. અમેરિકામાં ઉનાળાનો અંત આવી રહ્યો છે ત્યારે કોરોનાના કેસોમાં ફરી વધારો નોંધાઈ રહ્યો છે.એક જ સપ્તાહમાં કોરોનાના કારણે હોસ્પિટલમાં ભરતી થયેલા દર્દીઓની સંખ્યામાં ૧૯ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે કોરોનાના કારણે થતા મોટની સંખ્યા ૨૧ ટકા જેટલી વધી ગઈ છે. મળતા આંકડા અનુસાર એક જ સપ્તાહમાં ૧૦૦૦૦ લોકોને કોરોનાના કારણે હોસ્પિટલમાં




દાખલ કરવાનો વારો આવ્યો છે.અમેરિકાના સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલના ડાયરેક્ટર મેંડી કોહેનનુ કહેવુ છે કે, જે લોકોએ કોરાનાની રસી નથી લીધી તેમના માટે કોરોના જોખમરૂપ સાબિત થઈ શકે છે. જેમને પહેલા કોરોના નથી થયો અથવા જેમની ઉંમર વધારે છે અને બીજી પણ બીમારીઓથી પિડિત છે તેમના માટે પણ કોરોના ખતરનાક સાબિત થઈ શકે છે.એક અહેવાલ અનુસાર હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોમાં ૭૦ ટકા લોકો ૬૫ વર્ષ કે તેથી વધારે વયના છે. અમેરિકામાં કોરોનાનો ઓમિક્રોન વેરિએન્ડ ઈજી.૫ તો સક્રિય છે જ અને હવે બીએ ૨.૮૬ પ્રકારનો વેરિએન્ટ પણ ફેલાવાનો શરૂ થયો છે. બીજા પ્રકારનો વેરિએ?ટ વધારે સંક્રમણ ફેલાવી શકે છે તેવી ચેતવણી ગયા સપ્તાહે જ આપવામાં આવી હતી.

## નાટો દેશોમાં ખળભળાટ : રશિયાએ યુધ્ધક્ષેત્રમાં તૈનાત કરી ૧૫ ન્યુક્લિયર બોમ્બ લોન્ચ કરી શકતી મહાઘાતક 'સરમત' મિસાઈલ

મોસ્કો,તા.૨

ઉલટાનુ હવે યુક્રેન રશિયામાં ડ્રોન મોકલીને હુમલા કરાવી રહ્યુ છે. જેના પગલે લાલચોળ થઈ ગયેલા રશિયન રાષ્ટ્રપતિ પુતિને પોતાની સૌથી ઘાતક ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ સરમતને યુધ્ધગ્રસ્ત વિસ્તારમાં તૈનાત કરાવી દીધી છે. જેના પગલે નાટો દેશો પણ ખળભળી ઉઠ્યા છે.પુતિનનુ કહેવુ છે કે, આ એવી મિસાઈલ છે જે મોસ્કોના દુશ્મનોને બે વખત વિચારવા માટે મજબૂર કરી



દેશે. રશિયાની અંતરિક્ષ એજન્સીએ પણ સરમત મિસાઈલની તૈનાતીને સમર્થન આપ્યુ હતુ.સરમત મિસાઈલ એક કરતા વધારે ન્યુક્લિયર વેપન લઈ જવા માટે સક્ષમ મિસાઈલ છે. નાટો દેશોના લશ્કરી સંગઠને તેને શેતાન...નામ આપ્યુ છે. સરમત મિસાઈલને રડાર પર ટ્રેક કરવા માટે બહુ ઓછો સમય મળતો હોય છે. તેનુ વજન ૨૦૦ ટન છે. એક સાથે તે ૧૫ ન્યુક્લિયર બોમ્બ લઈને ઉડાન ભરી શકે છે. તે ૧૮૦૦૦ કિલોમીટર સુધી માર કરી શકે છે. રશિયાએ તેના ઘણા સફળ પરિક્ષણો કરેલા છે.એવુ મનાય છે કે, યુક્રેનનુ ખુલ્લેઆમ સમર્થન કરી રહેલા નાટો દેશોને ડરાવવા માટે રશિયાએ આ મિસાઈલ તૈનાત કરી છે.

## કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સોમવારે 'રાષ્ટ્રીય વન્યજીવ દિવસ' નિમિત્તે વેબીનારનું આયોજન

સમગ્ર રાષ્ટ્રમાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ ફેલાવવા માટે ''રાષ્ટ્રીય વન્ય જીવન દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયની વક્રોક્તિ એ છે કે સતત વધતું વન્યજીવોને થતું નુકસાન, જંગલોનું પ્રદુષણ પરીસ્થિતિને બગાડી રહ્યું છે. જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સોમવારે 'રાષ્ટ્રીય વન્યજીવ દિવસ' નિમિત્તે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. વેબિનારમાં ડૉ હિતેષ જાની માર્ગદર્શન આપશે. આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર (ગુજરાત)નાં સ્થાપક, આયુર્વેદ ચિકિત્સક, પંચકર્મ ફેકલ્ટી, તાલીમ નિષ્ણાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)નાં પ્રશિક્ષિત સ્વયંસેવક, બી.જે.પી ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્ય સચિવ, જામનગર જિલ્લાનાં રોટરી ક્લબનાં ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને ૪ દાયકાથી વધુનો ક્લિનિકલ અનુભવ છે. તેઓ પરંપરાગત આયુર્વેદ નાડી પરિક્ષણનાં નિષ્ણાંત છે. તેમણે આયુર્વેદ પંચગવ્ય અને ગર્ભવિજ્ઞાન પર વિસ્તૃત સંશોધન કર્યું છે. ડૉ. હિતેશ જાનીએ તેમની કારકિર્દી દરમિયાન આજ સુધી ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી છે. તેમણે પોતાના જીવનમાં ગૌ વિજ્ઞાન, ગર્ભ વિજ્ઞાન, લોકાર્યુવેદ જેવા વિષયોનું જ્ઞાન લોકોને આપ્યું. તેમણે આયુર્વેદ સંબંધિત ઘણા પુસ્તકો લખ્યા છે તેમજ ઘણા પબ્લીકેશનસ તેમના આર્ટીકલ નિયમિતપણે છાપે છે. તેમને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર, સ્વર્ગીય મોરોપંત પિંગળે ગૌસેવા પુરસ્કાર, શંકરાચાર્યજી દ્વારા ગૌચતુર્માસ પુરસ્કાર, આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે લાયન્સ ક્લબ દ્વારા આયુર વિકાસ એવોર્ડ સહિતનાં સન્માનો પ્રાપ્ત થયા છે.

વેબીનારનું આયોજન તા. ૪ સપ્ટેમ્બર, સોમવારે રાત્ર ૯ કલાકે કરવામાં આવ્યું છે. આ વેબિનાર એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પેઈજ 'એનીમલ હેલ્પલાઈન - કરુણા ફાઉન્ડેશન' તેમજ યુ ટ્યુબ ચેનલ 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનીમલ હેલ્પલાઈન રાજકોટ' પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ વેબિનારમાં જોડાવવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઇનનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

## બ્રિટિશ વૈજ્ઞાનિકોએ એક એવી રસી તૈયાર કરી છે જેનાથી માત્ર સાત મિનિટમાં કેન્સરની સારવાર

લંડન,તા.૨

કેન્સર રોગ દર વર્ષે તેનો વ્યાપ વધી રહ્યો છે. જો કે, જો યોગ્ય સમયે શોધી કાઢવામાં આવે, તો તેને હરાવી શકાય છે. કેન્સરની સારવારના પડકારો અને દર્દીઓની તકલીફને દૂર કરવા માટે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ એક એવી રસી તૈયાર કરી છે જેનાથી માત્ર સાત મિનિટમાં રોગ મટાડવાનો દાવો કરવામાં આવ્યો છે. મેડિકલ સાયન્સની પ્રગતિના આ યુગમાં કંઈ પણ શક્ય છે. બ્રિટિશ વૈજ્ઞાનિકો દ્વારા જે ઈન્જેક્શન વિકસિત કરવામાં આવ્યું છે તે કેન્સરની સારવાર માટે લાગતા સમયને નોંધપાત્ર રીતે ઘટાડશે.

'રોયટર્સ'માં છપાયેલા અહેવાલ મુજબ, આ કેન્સરની રસી બનાવનારી ટીમે સરકાર પાસેથી મંજૂરી માંગી છે. તેમનું કહેવું છે કે આ મંજુરીથી તેઓ તેમના દર્દીઓને અનુકૂળ અને ઝડપી સંભાળ પૂરી પાડવા માટે જ નહીં, પરંતુ ડોકટરોને એક દિવસમાં પહેલા કરતાં વધુ દર્દીઓની સારવાર કરવા સક્ષમ બનાવશે.

એટલે કે, બ્રિટનનો આરોગ્ય વિભાગ દુનિયાની પ્રથમ આવી સર્વિસ આપવા જઈ રહ્યો છે, જે દેશના સેંકડો કેન્સરના દર્દીઓને આ 'ચમત્કારિક' ઈન્જેક્શન દ્વારા જલદીથી સાજા કરશે અને તેમની સારવાર માટે લાગતો સમય પણ ત્રણ ચર્તથાશ સુધી ઘટાડશે. મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (સ્ઉઁઇછ) તરફથી મંજૂરી મળ્યા પછી, આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે અત્યાર સુધી ઈમ્યુનોથેરાપીથી સારવાર લેતા સેંકડો દર્દીઓને હવે એટેઝોલિઝુમાબના ઈન્જેક્શન આપવામાં આવશે, જે વધુ સારા પરિણામો આપશે.

એટેઝોલિઝુમાબ, જેને ટેસેન્ટ્રિક તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ડાયરેક્ટ ઈન્ટ્રાવેનસ ઈન્જેક્શન તરીકે અથવા નસમાં ટીપાં દ્વારા આપવામાં આવશે. આ પ્રક્રિયામાં લગભગ ૭ મિનિટનો સમય લાગશે અને દર્દીને શક્ય તેટલી વહેલી તકે રાહત મળશે.એટેઝોલિઝુમાબ એ ઈમ્યુનોથેરાપી સારવાર છે. તે શરીરમાં કેન્સરના કોષોને શોધીને તેનો નાશ કરશે. હાલમાં, ફેફસાં, સ્તન અને લીવરના કેન્સરના દર્દીઓને આ સારવાર આપવામાં આવશે. અત્યાર સુધી આ કેન્સરની સારવારને સરળ બનાવવામાં ઘણી મદદ મળશે. એટલે કે દવા થોડા જ સમયમાં શરીરમાં જશે અને કેન્સરના કોષોને ખતમ કરવાનું કામ કરશે.

નિષ્ણાતોના મતે ઈમ્યુનોથેરાપી સારવારમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ સક્રિય થાય છે. આ સાથે તે કેન્સરના કોષોને ઓળખે છે અને તેનો નાશ કરે છે. આ ઈન્જેક્શન દ્વારા કેન્સરના દર્દીઓના શરીરમાં ઈમ્યુનોથેરાપી દવાઓ પહોંચાડવામાં આવશે.

તંત્રી લેખ......

# વેબસાઈટની નકલ

સાઈબર ક્રાઈમને લઈને દેશની સર્વોચ્ચ અદાલતની ચિંતા સુખદ છે. સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીએ એક એડવાઈઝરી બહાર પાડી છે અને લોકોને એ કૌભાંડ વિશે ચેતવ્યા છે, જેમાં સાઈબર અપરાધી લોકોની અંગત માહિતી અને ગોપનીય ડેટા ચોરવા માટે સર્વોચ્ચ ન્યાયાલયના નામનો ઉપયોગ કરી રહ્યા હતા. આ કેટલી સંગીન વાત છે કે સાઈબર અપરાધીઓ સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટની પણ નકલ બનાવી ચૂક્યા છે અને તેના દ્વારા લોકોને ભરમાવવામાં આવે છે. સાઈબર અપરાધી લોકોને આ વેબસાઈટ દ્વારા વિવિધ પ્રકારના વ્યક્તિગત વિવરણ માંગે છે અને દેખીતું છે કે તેનો ઉપયોગ છેતરપિંડી માટે જ થાય છે. દેશમાં સર્વોચ્ચ ન્યાયલય પ્રત્યે લોકોમાં બહુ સન્માન અને વિશ્વાસની ભાવના છે. જો કોઈ ન્યાયાલયનું નામ ખરાબ કરવા માંગે છે તો તે અક્ષમ્ય અપરાધ છે. ન્યાયાલયની રજિસ્ટ્રીએ સલાહ આપી છે કે લોકો બહુ પરખ્યા બાદ જ કોઈ વેબસાઈટ સાથે જોડાય. સર્વોચ્ચ ન્યાયાલય ક્યારેય પણ કોઈ વ્યક્તિની કોઈ ગોપનીય માહિતી નથી માંગતી. સલાહ આપવામાં આવી છે કે લોકો કોઈપણ પ્રાપ્ત લિંકની પ્રામાણિકતાની ખરાઈ કર્યા વિના ના તો ક્લિક કરે કે ના તેને કોઈની સાથે શેર કરે.

ન્યાયાલયના આ દિશાનિર્દેશનું અક્ષરશઃ પાલન થવું જોઈએ. દેશમાં લોકોને ફસાવવાની કોશિશ થતી જ રહે છે, જેને સાઈબર ભાષામાં 'ફિશિંગ' કહે છે, આ ફિશિંગ વિરુદ્ધ પૂરતી કડકાઈ રાખવાની જરૂર છે. ખાસ કરીને જે પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંસ્થા છે, તેના નામ કે યુઆરએલ સાથે ભળતા કોઈપણ નામનું રજીસ્ટ્રેશન ન થવું જોઈએ. ડોમેન વેચનારી કોઈપણ કંપનીને સતર્ક કરવી જોઈએ કે ભળતા નામે કોઈપણ અપરાધી કોઈ વેબસાઈટ ન ખોલી શકે.

## પત્રાવળી-૯




રવિવારની સવાર
નેટમોસાળે પત્રાવળી પીરસતી બહેનો,
'મોસાળે જમણ ને મા પીરસણે' એ કહેવત તો હતી તેમાં આ પત્રાવળીની પંગતે તમે ચચ્ચાર બહેનો ભાતભાતનાં વ્યંજનો પીરસવા બેઠાં એટલે સ્વાદસુગંધની રંગત જામી. એમ જરૂર કહી શકાય કે 'નેટ–પત્રાવળીએ મિષ્ટાન્ન અને બ્લૉગરબહેનો પીરસણે' પછી પૂછવું જ શું !

આ પત્રાવળી જો આમ જ પીરસાતી જ રહી તો સમજી લેજો કે થોડા જ સમયમાં પીરસીને પોરસાવાનું ને વાચકો માટે વાંચીને વરસવાનું થાય તો નવાઈ નહીંપ..આ પત્રો વાંચીને તમારી આ પંગતમાં જમનારા તો વધશે જ પણ પીરસનારાં પણ વધવાનાં જ છે કારણ કે શબ્દને પીરસવાની જે મજા છે તેવી મજા તો બીજે ક્યાં દીઠી ?!

આરંભે દેવીબહેને શબ્દનો મહિમા ગાયેલો તેના પરથી મને યાદ આવ્યું કે શબ્દ બધે છે તે સાચું પણ ચિત્ર અને શિલ્પે તે સીધેસીધો હાજર નથી. દરેક કલાને પોતાનું માધ્યમ–સામગ્રી હોય છે તે જોતાં ચિત્રને રેખા અને રંગ માધ્યમો છે. રેખા ચિત્ર બનાવે છે તો રંગ, પછી તે ભલે ને પેન્સિલનો એક જ રંગ હોય પણ તે જુદાજુદા શેડ, ભાતભાતની છાયાઓ દ્વારા ચિત્રને ઉપસાવે છે.

સંગીતમાં સૂર અને તાલ માધ્યમો છે જેના વડે ધ્વનિ અનેક લીલાઓ કરે છે. શિલ્પમાં કોઈ ધાતુ કે માટી કે પથ્થર વગેરેને કોઈ ચોક્કસ રેખાઓ દોરીને વધારાનું મટિરિયલ દૂર કરતાં જ એક ધારેલી આકૃતિ ઊભી કરવામાં આવે છે. ચિત્રમાં જેમ પીંછી તેમ અહીં શિલ્પમાં ટાંકણું એ સાધનો છેપ.

નૃત્યની કલામાં તો શબ્દ, સંગીત, મુદ્રાઓ અને સંજ્ઞાઓના માધ્યમે સર્જક વ્યક્ત થાય છેપપતો નાટકમાં તો લગભગ બધી જ કલાઓ એક સાથે સ્ટેજ પર પ્રગટ થાય છે ! કાવ્યશાસ્ત્રમાં નાટકને સૌથી ઊંચું સ્થાન અપાયું છે પણ ખરેખર તો એમાં બધી જ કલાઓ થોડેઘણે અંશે પ્રગટતી હોય છેપ..

ઘણાં વર્ષો પહેલાં મેં ક્યાંક લખેલું તે અહીં એકાએક મને યાદ આવી ગયુંપ.શિલ્પ અને નૃત્યને આ રીતે ઓળખાવી શકાય : ''થીજી ગયેલું નૃત્ય એટલે શિલ્પ અને થરકી ઊઠેલું શિલ્પ એટલે નૃત્ય !!''

કહેવતોની રંગત તમે બહેનોએ જમાવી તેથી મને કવિ શ્રી કિશોર મોદીની એક રચના યાદ આવી ગઈ જેમાં ૨૨ પંક્તિમાં ૧૧ કહેવત સરસ રીતે ગૂંથી છે !

કહેવતની કૃતિ
તે છતાંયે કોઈ પણ બોલ્યું નહીં,
પાપડી ભેગી ઈયળ બાફી હતી.
આ કરોળિયો કાં કરે જાળું ફરી ?
બાર સાંધે, તેર તૂટે હરઘડી.
ને હકીકત પાંગળી એવી થઈ,
સોય વેચી શેરીમાં લુહારની.
ઘાસને અફવા સુણી અચરજ થઈ,
ભાગવતની ભેંસને વાતો કહી.
આપણે શું, કોઈને ના કંઈ પડી,
કૂતરી દોહી, ગઈ શિયાળવી.
ભોળી ક્ષણને પાનખર જોઈ રહે,
હોય કમળો તે પીળું દેખે વળી.
કોનું ખેતર, તાપણું કોનું અને,
દવ બળે ત્યાં ઢેંચિયાની હાજરી.
છેવટે તેતર ટકાનો થઈ ગયો,
ક્યાંકથી એ વાત હોવાને મળી.
બંધ મૂઠીમાં હશે એક જ કથા,
કૂતરા ચાટે, દળે જો આંધળી.
કાળી ચકલી ભાગ્યની વાતો કરે,
વાત છે દીવા તળે અંધારની.
ને ખરેખર શ્વાસ નિરાધાર છે,
આપ મૂઆ, ડૂબ ગઈ દુનિયા પછી.

(એપ્રિલ, '૭૬માં વિશ્વમાનવમાં પ્રગટ અને કવિના 'મધુમાલિકા'માં છપાયેલીપકિશોરભાઈના સૌજન્ય અને આભાર સાથે)

આજે આટલું બસ !
લિ. જુભાઈનાં વંદન

## ઇડર ડાયટ ખાતે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામા નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ સંસ્કરણ તાલીમ યોજાઇ



સાબરાકાંઠા જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની અધ્યક્ષતામા ભારત સરકારના નવ ભારત સાક્ષરતા સંસ્કરણ તાલીમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર ખાતે યોજાઇ હતી જિલ્લામા ૧ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બર સુધી ''વિશ્વ સાક્ષરતા સપ્તાહ''ની ઉજવણી કરવામા આવનારી છે આ કાર્યક્રમ અંતર્ગત ૧૫ થી ૩૫ વર્ષની વયજૂથના નિરક્ષર લોકોને સાક્ષર કરવાની કામગીરી કરવામા આવશે તેમજ સાક્ષરતા સપ્તાહ દરમિયાન તમામ નાગરિકોમા જાગૃતિ લાવવા અને સાક્ષરતાનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય તે અંગે વિવિધ પ્રવૃતિઓ કરવામા આવશે ''વિશ્વ સાક્ષરતા સપ્તાહ'' ની ઉજવણીના ભાગરૂપે ઇડર ડાયટ ખાતે તાલીમનુ આયોજન કરવામા આવ્યુ હતુ આ તાલીમમા જિલ્લાના તમામ ટી.કે.એન., બી.આર.સી., સી.આર.સી.ઓને ૧૫થી ૩૫ વર્ષની વયજૂથના નિરક્ષરોને અક્ષરજ્ઞાન પુરૂ પાડવા માટે ડિઝીટલ માધ્યમથી ઉલ્લાસ એપ અંગે નિરીક્ષરોની નોંધણી તેમજ જરૂરી માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ આ તાલીમમા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદ ચૌધરી, ડાયેટના પ્રાચાર્ય કે. ટી. પોરાણીયા, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી તરૂણાબેન દેસાઇ તેમજ જિલ્લાના તમામ ટી.કે.એન., બી.આર.સી., સી.આર.સી.ઓ ઉપસ્થિત રહ્યા હતા

## આર્ટ્સ કોલેજ,શામળાજીના વિધ્યાર્થીઓ એ રાષ્ટ્ર કવિ ઉમાશંકર જોષીના ગામની મુલાકાત લીધી



શામળાજી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત શ્રી, કે.આર.કટારા આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા પ્રિન્સિપાલશ્રી, ડૉ. અજય કે.પટેલના માર્ગદર્શન હેઠળ એક દિવસિય પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાતી સાહિત્યના પ્રખર અને જગ પ્રસિદ્ધ કવિ એવા ઉમાશંકર જોષીની જન્મભૂમિ ×બામણા×ગામની મુલાકાત લીધી હતી અને એમના નિવાસસ્થાના દર્શન વિધ્યાર્થીઓને કરાવી એમના જીવન વિશે સંપૂર્ણ માહિતી પુરી પાડી હતી.ત્યારબાદ બાદ આ જ વિસ્તારમાં× ધૂલેટા×ગામે આવેલ સુપ્રસિદ્ધ એવું જલારામ બાપાના મંદિરે દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા કરવામાં આવ્યુ હતું.મંડળના મંત્રી ,દિલીપભાઈ કટારાએ સૌને શુભેચ્છા પાઠવી હતી.

## રાણેશરી પ્રાથમિક શાળા ખાતે સાંસદ શ્રી પરબતભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે બાળકોને તિથિ ભોજન અપાયું



બનાસકાંઠાના લોકલાડીલા સહકારી આગેવાન અને સન્માનનીય અને દરેકના હૃદય સમ્રાટ સાંસદ શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ પૂર્વ મંત્રી શ્રી, ગુજરાત સરકાર અને માનનીય સાંસદ શ્રી બનાસકાંઠાના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે તારીખ ૦૧-૦૯-૨૦૨૩ ને શુક્રવારના રોજ રાણેસરી ગામના આંગણવાડી કેન્દ્ર ના બાળકો તથા પ્રાથમિક શાળા,અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પટેલ ઓખાભાઈ જગશીભાઈ (ર્ન્ઞ઼ૅક્ષ઼ૈ઼દ્વૈ઼ેછ)અને ચૌધરી અરવિંદભાઈ હરસેંગભાઈ

(શ્રી હરી એગ્રો સેન્ટર રાણેસરી) દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું જેમાં બાળકોને મોહનથાળ પૂરી શાક અને દાળ-ભાત જેવી આઇટમ પીરસવામાં આવી હતી તથા ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા ૨૪૮ બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ

આવનાર સમયમાં આંજણા યુવક મંડળ થરાદ દ્વારા સાંસદશ્રીનો રજત તુલા અને રક્તતુલાનો પણ આયોજન કરવામાં આવ્યું છે તેમજ અન્ય પ્રોગ્રામમાં પણ કરવામાં આવશે પરબતભાઈ પટેલ એક સિનિયર નેતા તેમજ કાયમ માટે લોકોના હિત માટે કામ કરતા દરેક સમાજના આગેવાન છે તેમણે થરાદના વિકાસમાં ખૂબ જ તેમનો સિંહ ફાળો રહેલો છે તેમજ બનાસકાંઠા સાંસદ હોઈ જિલ્લાની સુખાકારી માટે તેઓ સતત કાર્યરત છે તેમજ આ પ્રસંગે ગામના સરપંચ શ્રી લક્ષ્મણભાઈ પટેલ શાળાના આચાર્યશ્રી દલાભાઈ પટેલ તથા સમસ્ત સ્ટાફગણ,વડીલો અને યુવાનો આ પ્રસંગે ઉપસ્થિત રહી અને સાહેબનું સ્વાસ્થ્ય સારું રહે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરવામાં આવી.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ, ગુજરાત સરકાર) પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાઓની શાળાઓ માટે જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે×બાજરી એક શ્રેષ્ઠ ધાન અથવા લગભગ ફેટ રહિત ખોરાક× વિષય પર વિદ્યાર્થીઓએ પી.પી.ટી. અને ચાર્ટના માધ્યમ દ્વારા રજૂઆત કરી હતી. સ્પર્ધાના મુખ્ય મહેમાન અને નિર્ણાયક તરીકે સરકારી વિનિયન અને વિજ્ઞાન કોલેજ બાવળા ના પ્રોફેસર ડૉ ઉમેશ તરપદા અને વસંત પટેલ નિવૃત ઉપસચિવ ,માર્ગ અને મકાન વિભાગ તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ .અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા

સાયન્સ સેમિનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓના ૨૭ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ વિષયના અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા પ્રથમ ક્રમે નિસખા ત્રિવેદી ,સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને દ્વિતીય ક્રમે મહર્ષિ ચૌહાણ, અંબા સ્કૂલ ફોર એક્સેલન્સ, તૃતીય ક્રમે કરીના દંતાણી ,ભગિની વિદ્યાલય ,નારદીપુર વિજય બન્યા હતા વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલ સ્પર્ધક આગામી સમયમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયોજક શિવાંગ પટેલ, હાર્દિક મકવાણા અને હાર્દિક ભટ્ટે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હ

## આસામમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી, બિલની તરફેણમાં ૧૪૬ સૂચનો

ગોવાહાટી,તા.૨

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા આસામમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવા માટે તૈયાર છે. તેમણે બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવા માટે એક બિલ તૈયાર કર્યું, જે જાહેર સૂચન માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું. હવે આ બિલ અંગે માહિતી આપતા સરમાએ કહ્યું કે અમારી જાહેર નોટિસના જવાબમાં અમને કુલ ૧૪૯ સૂચનો મળ્યા છે.

તેમણે કહ્યું કે પ્રાપ્ત થયેલા કુલ સૂચનોમાંથી ૧૪૬ બિલની તરફેણમાં હતા. આના પરથી સ્પષ્ટ થાય છે કે બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવાના સમર્થનમાં વધુ લોકો છે. તેમણે કહ્યું કે એવું નથી કે બધા પક્ષમાં છે. ત્રણ સંગઠનોએ બિલ સામે વિરોધ વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે સૂચનો મળ્યા છે. હવે અમારા માટે રસ્તો સાફ છે. અમે હવે બિલર સંબંધિત પ્રક્રિયાના આગલા તબક્કામાં આગળ વધીશું. તેમણે કહ્યું કે બિલનો અંતિમ ડ્રાફ્ટ આગામી ૪૫ દિવસમાં તૈયાર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા ઘણા સમયથી બહુપત્નીત્વ પર પ્રતિબંધ લગાવવાની વાત કરી રહ્યા છે. જાહેર સૂચના પ્રાપ્ત કરતા પહેલા સરમાએ કહ્યું હતું કે આસામ સરકાર રાજ્યમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહી છે. આ માટે વિશેષ નિષ્ણાત સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે તેમણે કહ્યું હતું કે આસામમાં બાળ લગ્ન સામે ચાલી રહેલી કાર્યવાહીને વધુ સઘન બનાવવામાં આવશે. તે જ સમયે, રાજ્ય સરકાર ૨૦૨૬ સુધીમાં આસામમાં બાળ લગ્નને સમાપ્ત કરવા માટે તમામ સંભવિત કડક પગલાં લેશે.

તેમણે કહ્યું હતું કે આસામ સરકારે રાજ્યમાં બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકવાની સત્તા રાજ્ય વિધાનસભા પાસે છે કે કેમ તેની તપાસ કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિ મુસ્લિમ પર્સનલ લો (શરિયત) અધિનિયમ, ૧૯૩૭ની જોગવાઈઓ સાથે ભારતના બંધારણની કલમ ૨૫ તેમજ રાજ્યની નીતિના નિર્દેશક સિદ્ધાંતોની તપાસ કરશે. આ સમિતિ નિર્ણય પર પહોંચવા માટે કાયદાકીય નિષ્ણાતો સહિત તમામ હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કરશે.

## નિવૃત રમતવીરોને પેન્શન આપવાની યોજના – ૨૦૨૩-૨૪

ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજ્યના રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર રમતવીરોને પેન્શન આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ગુજરાતના વતની હોય અને તે સાથેની શરતો સંતોષતા હોય તેવા નિવૃત્ત (૫૦ વર્ષથી વધુ ઉંમરના) રમતવીરો યુવાન વયે પોતાની કારકિર્દી દરમ્યાન ૩૫ વર્ષની ઉંમર સુધીમાં સરકારશ્રી દ્વારા યોજવામાં આવતી તથા રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાના માન્ય ફેડરેશન દ્વારા જે તે સમયે યોજવામાં આવેલ હોય તેવી જે તે સમયની તમામ ઓલમ્પિક રમતોઅને પારંપારિક રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, યોગાસન, મલખમ જેવી રમતોમાં વ્યક્તિગત કે ટીમ રમતમાં ગુજરાત રાજ્ય તરફથી રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લઇ ગોલ્ડ,સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવેલ હોય કે રાજ્ય તરફથી નેશનલ માટે મોકલાયેલ ટીમના તે સભ્ય હોય તેવા રમતવીરોને યોજનાનો લાભ મળવાપાત્ર ગણવામાં આવશે.આ યોજના અન્વયે પાત્રતા ધરાવતા રમતવીરને આવકની કોઇ મર્યાદા વગર તેઓને માસિક રૂ.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)ની રકમ માસિક ધોરણે પેન્શન રૂપે ચુકવવામાં આવશે. આ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાના નિવૃત રમતવીરોને પેન્શન આપવાની યોજના અંતર્ગત આપના જિલ્લાના નિવૃત રમતવીરોને પોતાની અરજી તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ ૧૨:૦૦ કલાક સુધી અત્રેની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં. એ.એસ.૧૪, બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા, અરવલ્લી ખાતે મોકલી આપવાની રહેશે.

## ભિલોડા તાલુકાની ટોરડા હાઈસ્કૂલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધાર્યું



**ભારત વિકાસ પરિષદના આયામોનો જીવનમંત્ર સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ છે તેવા ભારત વિકાસ પરિષદ (ગુજરાત મધ્ય પ્રાંત) ભિલોડા શાખામાં પાંચ આયામો પૈકી ×સંસ્કાર × આયામ હેઠળ રાષ્ટ્રીય સંસ્કારનું નિરૂપણ થાય તે હેતુ થી તા. ૦૧/૦૯/૨૦૨૩ ને શુક્રવાર ના રોજ વાંકાનેર હાઈસ્કૂલમાં× રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા × યોજાઈ હતી. ભિલોડા તાલુકાની ૨૮ શાળાઓએ ભાગ લીધો હતો. શ્રી નવજીવન વિદ્યાલય, ટોરડાના વિધાર્થીઓએ પ્રથમ ક્રમાંક મેળવી શાળા અને ટોરડા ગામ નું ગૌરવ વધારેલ છે.આચાર્ય પિનાકીન એન.પટેલ, ટ્રસ્ટીઓ વિધાર્થીઓ, તૈયાર કરનાર ગુરુજીઓનો દિલથી અભિનંદન પાઠવી આભાર માન્યો હતો અને પ્રાંત કક્ષા માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.**

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું